સમર્થ સ્વામી રામદાસ રચિત 'श्री मनाचे श्लोक'નો
મરાઠીમાંથી ગુજરાતી સમશ્લોકી ભાવાનુવાદ

# શ્રી મનના શ્લોક

એક ભીતર યાત્રા

મકરંદ મુસળે

**Shri Man na Shlok -**
Gujarati translation of
Samarth Swami Ramdas's
**Shree Manaache Shlok**
from Marathi by
**Makarand Musale**
Published by **BookPub**

© **Surekha Musale**

પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ 2014
કિંમત : રૂપિયા ૫૦.૦૦

મુદ્રક અને પ્રકાશક
**બુકપબ**
હિંગળાજ માતાનું કંપાઉન્ડ, મનમોહન કૉમ્પ્લેક્સની પાછળ,
નવરંગપુરા પોલીસ સ્ટેશનની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - 380 009
ફોન : (079) 2656 1112, 2643 1112
info@bookpub.in

# અર્પણ

આ અમૂલ્ય વારસો
જેના હાથમાં સોંપવાનો છે તે
આવનારી પેઢીની પ્રતીક સમાન
મારી પુત્રી

**નૈસર્ગી**ને

# શ્રી મનના શ્લોક

## એક ભીતર યાત્રા

છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ સમર્થ રામદાસ સ્વામીએ મન સાથે કરેલો સંવાદ એટલે શ્રી મનાચે શ્લોક. મૂળ મરાઠીમાં લખાયેલા આ શ્લોકનો સરળ ગુજરાતીમાં થયેલો ભાવાનુવાદ એટલે 'શ્રી મનના શ્લોક'. 'શ્રી મનના શ્લોક'ના સમગ્ર સંવાદમાં મન કેન્દ્ર સ્થાને છે. સંત શ્રી વિનોબા ભાવેએ શ્રી મનાચે શ્લોકને 'સોનાની લગડી' ગણાવી છે. છેલ્લા ચારસો વર્ષમાં મહારાષ્ટ્રમાં એવું એક ઘર મળવું મુશ્કેલ છે, જે ઘરમાં એકવાર પણ 'શ્રી મનાચે શ્લોક'નું પઠન ન થયું હોય!

સંત શ્રી તુકારામના સમકાલીન એવા સમર્થ રામદાસ સ્વામીએ તત્વજ્ઞાનનો આખો ખજાનો ‘श्री मनाचे श्लोक’માં ઠાલવી દુનિયાને ભેટ ધર્યો. સ્વામી રામદાસનું મૂળ નામ નારાયણ ઠોસર. શક સંવત ૧૫૩૦ (ઈ.સ. ૧૬૦૮-એપ્રિલ), ચૈત્ર સુદ નવમી (રામનવમી) રામજન્મના મુહૂર્તે મધ્યાહ્ને બાર વાગે, રવિવારને દિવસે મહારાષ્ટ્રના જાલના જીલ્લાના ‘જામ્બ’ ગામે થયો. બાર વર્ષની ઉંમરે “શુભ મંગલ સાવધાન” શબ્દ સાંભળતાં જ પોતાના જ લગ્નમંડપમાંથી દોટ મૂકીને ભાગી જનાર નારાયણે બાર વર્ષ તપશ્ચર્યાની સાથે સાથે વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. બીજા બાર વર્ષ પગપાળા ભારત-ભ્રમણ કર્યું. એ સમયગાળામાં મુગલોના રાજ્યમાં હિંદુ ધર્મ ભયમાં હતો. પ્રજા

નિર્માલ્ય બની ગઈ હતી, એવે વખતે તેમણે નબળા લોકમાનસમાં ધર્મની સાથેસાથે રાષ્ટ્રધર્મ સમજાવી સમાજને ઝંઝોડવાનું કાર્ય કર્યું, આ કારણે સમર્થ રામદાસ 'રાષ્ટ્રગુરુ' કહેવાયા. બીજા કોઈપણ સંતને આ પદવી મળી નથી.

સમર્થ શ્રી રામદાસે ગણેશ-સરસ્વતી વંદનાથી શરુ કરી ભક્તિ, શક્તિ, મુક્તિ, વિશ્વાસ, સમર્પણ, 'સ્વ'ની શોધ, મોહ, અહમ્, વાદ-સંવાદ, સંગ-કુસંગ, વિવેકબુદ્ધિ જેવા વિવિધ માનવીય સંવેદનો અને સહજ કર્મોને મોકળા મને આપણી સમક્ષ ઊઘાડી આપ્યા છે. છેલ્લે, ફલશ્રુતિથી 'श्री मनाचे श्लोक'નું સમાપન કર્યું છે.

મનના શ્લોક રચાયા એ પાછળનો ઈતિહાસ

રસપ્રદ છે. શક સંવત ૧૫૭૦માં મહારાષ્ટ્રના ચાફળ નામના ગામે સમર્થ રામદાસે રામમંદિરની સ્થાપના કર્યા પછી ત્યાં દરવર્ષે રામનવમીનો ઉત્સવ ભવ્ય રીતે ઉજવાતો. આસપાસના ગામોમાંથી ભિક્ષા દ્વારા મેળવેલા ધાન્ય અને રોકડથી રામજન્મના ઉત્સવની ઉજવણી થતી. સમય જતાં શિવાજી મહારાજે દર વર્ષે રામજન્મના ઉત્સવ માટે સરકાર તરફથી આર્થિક મદદ આપવાની ઘોષણા કરી. રાજકોષમાંથી મદદ મળવા લાગતાં જ શ્રી સમર્થના શિષ્યોને હવે ભિક્ષા માંગવા જવાની જરૂર રહી નહીં. આવું થોડાંક વર્ષો સુધી ચાલ્યું. કોઈ એક વર્ષે રામનવમીના ઉત્સવની આડે એકાદ અઠવાડિયાની જ વાર હતી. શિવાજી મહારાજના રાજ્યના સરકારી અમલદારોની

ઉદાસીનતાને કારણે રાજકોષ તરફથી સીધુંસામાન ઉત્સવ માટે આવ્યું નહીં. શિષ્યોએ સમર્થ રામદાસ સ્વામીને જાણ કરી. સમર્થ રામદાસે બધા શિષ્યોને ચિંતા છોડીને સૂઈ જવા કહ્યું.

તે રાત્રે સ્વામી રામદાસ એમના પ્રિય શિષ્ય કલ્યાણને સાથે રાખી એક ઝાડ નીચે બેઠા અને તેઓ જે કંઈ બોલે તે લખી લેવા કહી શ્રી સમર્થે મન સાથે સંવાદ સાધ્યો. સ્વામી રામદાસ શ્લોક બોલતા જાય અને શિષ્ય કલ્યાણ એ બોલાયેલા શ્લોકોને એક પછી એક લખતા જાય. આખી રાત આ સંવાદ ચાલ્યો. છેલ્લો શ્લોક લખાવ્યો ત્યારે બીજા દિવસની પરોઢ થઈ ચૂકેલી. તે રાત્રે કુલ મળીને જે ૨૦૫ (બસો પાંચ) શ્લોક

અવતર્યા તે જ 'श्री मनाचे श्लोक'. સવારે બધા જ શિષ્યોને બોલાવી શ્રી સમર્થે દરેકને પાંચ-પાંચ શ્લોક આપ્યા અને કહ્યું કે ગામમાં જઈને કોઈ પણ એક ઘર આગળ ઊભા રહી, આપેલા શ્લોકોમાંનો એક શ્લોક બોલવો અને 'જય જય રઘુવીર સમર્થ'નો ઘોષ કરીને જે મળે તે ભિક્ષા લેવી. પછી બીજા ઘર આગળ જઈને બીજો શ્લોક બોલવો. લોકમાનસમાં 'श्री मनाचे श्लोक'નો એવો તો પ્રભાવ પડ્યો કે રાજકોષમાંથી આવતાં સીધાં કરતા પણ વધારે ધાન્ય ભેગું થયું અને રામનવમીનો ઉત્સવ દર વર્ષ કરતાં પણ વધારે ધામધૂમથી ઉજવાયો.

મનના શ્લોકનું પઠન કોઈપણ સ્થળે, કોઈ પણ સમયે, કોઈ પણ પ્રસંગે, જ્યાં જ્યાં મનની

હાજરી છે ત્યાં ત્યાં થઈ શકે છે. શ્રી મનના શ્લોકના શ્રવણમાત્રથી સેંકડો દોષ મટે છે એવું વચન સમર્થ રામદાસ આપે છે. શ્રી મનના શ્લોકના નિયમિત પઠન અને ચિંતનથી મન હળવું, સ્વસ્થ, શાંત અને મક્કમ બને છે એમાં કોઈ શંકા નથી. કહેવાય છે કે મન ઉપર વિજય મેળવનારને જ સિદ્ધિ વરે છે.

॥ જય જય રઘુવીર સમર્થ ॥



॥ ૧ ॥

ગણાધીશ છે ઈશ સર્વે ગુણોનો
સગુણ-રૂપ આરંભ છે નિર્ગુણોનો

ચતુર્વાણી* મા શારદાને નમન હો
સદા રામ-પંથે જ મારું ગમન હો

* ચતુર્વાણી : પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર પ્રકાર

॥ ૨ ॥

અરે મન સદા ભક્તિ પંથે જવાનું
જશો તો જ દર્શન હરિનું થવાનું

જગે નિંદ્ય હો સર્વ તે છોડી દેવું
અને વંદ્ય તે સર્વ સ્વીકારવાનું

॥ ૩ ॥

પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું
સદા વાણીમાં રામનું નામ લેવું

સદાચારને પંથ જે કોઈ ચાલે
જગે ફક્ત એ માનવી ધન્ય થાયે

॥ ૪ ॥

કદી કામ કે વાસના હો ન મનમાં
કદી પાપબુદ્ધિ ન આવે સ્મરણમાં

કદી સારી નીતિને ત્યાગો ન મનવા
હજો અંતરે સદ્વિચારો જ મનવા

॥ ૫ ॥

હવે પાપસંકલ્પ ત્યાગો રે મનવા
અને સત્યસંકલ્પ ધારો રે મનવા

વિષય વાસનાથી રહો દૂર મનવા
વિકારોથી મુક્તિ મળી જાય પળમાં

॥ ૬ ॥

ન કર ક્રોધ મન ક્રોધ છે શોકકારી
અને કામની વાસના છે વિકારી

મના* એ બધાંને ન તો અંગિકારો
ન તો દંભ મત્સરને મોટો થવા દો

* મના = મન

## ॥ ૭ ॥

સદા ધૈર્યથી મન તમે કામ લેજો
મના કોઈ અપશબ્દ બોલે તો સહેજો

મુખે સર્વદા નમ્ર વાણી જ રે'જો
મના સર્વને શાંતિ સંદેશ દેજો

## ॥ ૮ ॥

ત્યજું દેહ તોયે રહે કીર્તિ પાછે
સદા કર્મ મારાથી એવાં જ થાયે

ઘસાઈ જવું એમ ચંદનની માફક
ગુણીજનના અંતર મહીં પહોંચે ઠંડક

## ॥ ૯ ॥

ખપે દ્રવ્ય ના મન કદી પારકાનું
અતિલોભ હો પાપ ત્યાં લાગવાનું

અહીં ભોગવો જે કર્યું કર્મ ખોટું
નથી એના જેવું કોઈ દુ:ખ તો મોટું

## ॥ ૧૦ ॥

સદા સર્વદા રામને પ્રેમ કરવો
મના ભોગ ત્યાગી સુખે જીવ કરવો

પડે કષ્ટ તેને જ સુખ માનવાનું
વિવેકી બની અંતરે ઝીલવાનું

## ॥ ૧૧ ॥

સુખી સર્વ રીતે નથી કોઈ જગમાં
વિચારી લે મન શોધી જોને સકળમાં

જે સંચિત કર્યાં છે તમે કર્મ મનવા
થયાં એ અનુસાર ફળ પ્રાપ્ત મનવા

## ॥ ૧૨ ॥

કદી ચિત્તમાં દુઃખને આણો ન મનવા
વ્યથા શોક ચિંતા ન રાખો સ્મરણમાં

વિવેકે જે દૈહિક છે તે છોડી દેવું
વિદેહી બની મુક્ત મસ્તીમાં રે'વું

## ॥ ૧૩ ॥

જરી અંત રાવણનો જોઈ લે મનવા
ગુમાવી દીધાં રાજ ને પાટ મનવા

ત્યજો વાસનાને બને તેમ વહેલી
જુઓ કાળ પાછળ પડયો હાથ ધોઈ

## ॥ ૧૪ ॥

મળ્યો આ જનમ કર્મ યોગે જગતમાં
બન્યો છેવટે કોળિયો કાળમુખમાં

ચમરબંધી સૌ મૃત્યુપંથે સિધાવ્યા
અહીં જન્મ લઈ ભલભલાં મોત પામ્યાં

॥ ૧૫ ॥

મના મૃત્યુભૂમિનું આ સત્ય કેવું?
બધાં જીવ બોલે સદા ‘હું’ જ ‘હું’ છું

ચિરંજીવ માને છે પોતાને નાહક
બધું અહીં જ છોડી જવાનું અચાનક

॥ ૧૬ ॥

મરે કોઈ એનો બીજો શોક કરતો
અજાણે પછી એય આગળ છે ધપતો

અહીં લોકના લોભને થોભ ક્યાં છે
અને એટલે તો ફરી જન્મ લે છે

## ॥ ૧૭ ॥

વૃથા અંતરે લોક ચિંતા કરે છે
થવાનું છે જે, તે થઈને રહે છે

કરો કર્મ એ ભોગવાં અહીં પડે છે
અને ના-સમજ વ્યર્થ વ્યાકુળ ફરે છે

## ॥ ૧૮ ॥

કરો આશ તો માત્ર રાઘવની કરવી
પ્રસંશા-સ્તુતિ માનવીની ન કરવી

કરે વર્ણનો વેદ શાસ્ત્રો પુરાણો
હરિનામનો નિત્ય લેવો લહાવો

## ॥ ૧૯ ॥

અરે મન કદી સત્ય છોડીશ ના તું
અને સાવ મિથ્યાને વળગીશ ના તું

અરે મન સદા સત્યને સત્ય કહેજે
અને હોય મિથ્યા એ મિથ્યા જ ગણજે

## ॥ ૨૦ ॥

જીવન ગર્ભમાંનું ઘણું કષ્ટદાયી
નથી જોઈતી યાતના મોટી આવી

પડે ભીંસ એ બાળને ગર્ભવાસી
અધોમુખ સહે કષ્ટ એ મોં વકાસી

॥ ૨૧ ॥

મના વાસના જ્યાં હો ત્યાં મુક્તિ કેવી
મના કામના દ્રવ્યની છોડી દેવી

ઘણી યાતના ભોગવી ગર્ભવાસી
મના રામનો હાથ લઈ લેને ઝાલી

॥ ૨૨ ॥

મના સજ્જના તું ભલું કર સ્વયંનું
હૃદયમાં હજો રૂપ શ્રી રામજીનું

પવન-પુત્રનો સ્વામી સૌને ઉગારે
ત્રણે લોકનો નાથ તારે બધાંને

॥ ૨૩ ॥

ન બોલે છે રાઘવ વિના મન કશું પણ
બીજું સૌ નીરર્થક છે ક્યાં સુખ કશે પણ

ઘડી હરઘડી કાળ આયુષ્ય કાપે
તને કોણ અંતિમ ક્ષણે સાથ આપે?

॥ ૨૪ ॥

ન હો રામનું નામ તો વ્યર્થ વાણી
વૃથા તું રટે છે સ્વયમ્‌ની કહાણી

પ્રભુ નામથી કોઈનો ડર રહે ના
અહંકાર પણ ચિત્તમાં ઘર કરે ના

॥ ૨૫ ॥

ન કંટાળો કર રામનું નામ લેતાં
નહીંતર તને રામ આગળ મળે ક્યાં?

વિતે ક્ષણ જ્યાં સુખની ત્યાં દુ:ખ આવવાનું
બધું વહી જશે, ક્યાં કશું રહી જવાનું?

॥ ૨૬ ॥

મથ્યો ખૂબ હું દેહના રક્ષણાર્થે
છતાં કાળ લઈને ગયો એની સાથે

કરી લે મના રામની ભક્તિ ન્યારી
અને છોડી દે ભવની ચિંતાઓ તારી

## ॥ ૨૭ ॥

ભવોભવના ફેરાથી ડરવું નહીં મન
ધરો જો ધીરજ સ્હેલ નીકળી જવું મન

હશે સ્વામી રાઘવ સરીખો જો શિરે
કદી ના ડરાવે સ્વયમ્ યમ લગીરે

## ॥ ૨૮ ॥

ધનુર્ધારી રાઘવ દીનાનાથ સ્વામી
સ્વયમ્ કાળ કંપે છે નામઃસ્મરણથી

મના સત્ય આ લઈ લે મનમાં ઠસાવી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૨૯ ॥

પગે રામના નિત્ય રણકે છે તોડાં
પડે ભક્ત-શત્રુને માથે હથોડા

કરાવે છે પુષ્પકમાં સૌને સવારી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૦ ॥

બળુકાના સેવકની સામે થતો જે
સકળ લોકમાં કોણ છે એ કહોને

ત્રણે લોક લીલાઓ ચર્ચે પ્રભુની
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૧ ॥

મહાસંકટેથી કર્યા મુક્ત દેવો
ધરાવે છે સામર્થ્ય ને સર્વ ગુણો

સ્મરે જેમને શૈલજા શૂલપાણિ
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૨ ॥

કરી મુક્ત રામે અહલ્યા શિલાથી
ચરણ સ્પર્શથી દિવ્યતાને એ પામી

કદી વર્ણવી ના શકે વેદવાણી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૩ ॥

વસે મેરુ મંદાર પર સૃષ્ટિલીલા
કરી સૂર્ય ને ચંદ્ર તારાની માળા

કર્યા બંને દાસો* જગે દીર્ઘજીવી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

* શ્રી રામના બે દાસ = વિભિષણ  અને હનુમાન

## ॥ ૩૪ ॥

ઉપેક્ષા કદી રામરૂપની ન કરવી
કરે એને મન રામ ક્યારે વસે નહીં

બધો ભાર માથે એ લેશે ઉપાડી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૫ ॥

હશે જેના મનમાં અહીં ભાવ જેવો
વસે છે પ્રભુ ચિત્તમાં સાવ એવો

કરે ભક્ત રક્ષા સ્વયમ્ ચાપપાણિ
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૬ ॥

સદા સર્વદા છે પ્રભુ તારી સાથે
કૃપાળુપણે સ્હેજ ધીરજ ચકાસે

સુખાનંદ આનંદ કૌશલ્ય આપી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૭ ॥

રવિ જે રીતે ચક્રવાકોની સાથે
રહે સંકટે એ રીતે રામ સાથે

હરિનામનો નાદ દેને ગજાવી
સદા ભક્તને રામ લે છે સ્વીકારી

## ॥ ૩૮ ॥

મના પ્રાર્થના છે તને એક મારી
પ્રભુને તું વિસ્મયથી રે'જે નિહાળી

કદી અંતરે કોઈ શંકા ન લેજે
મના સર્વદા રામની પાસ રે'જે

## ॥ ૩૯ ॥

કરે છે સ્તુતિ જેની શાસ્ત્રો પુરાણો
મળે એ પ્રભુ તો સમાધાન માનો

બધી મોહમાયા પ્રભુને જ ધરજે
મના સર્વદા રામની પાસ રે’જે

## ॥ ૪૦ ॥

મળે સુખ ચિરંજીવ જે સ્થાનમાં મન
પરોવી જ દેવું બધું ધ્યાન ત્યાં મન

પ્રભુની તરફ વૃત્તિઓ વાળી દેજે
મના સર્વદા રામની પાસે રે’જે

## ॥ ૪૧ ॥

મથામણ આ ભૈતિક સુખોની ફળે નહીં
પરિશ્રમ કરો લાભ અમથો મળે નહીં

હૃદયથી વિચારી પછી બોધ લેજે
મના સર્વદા રામની પાસે રે'જે

## ॥ ૪૨ ॥

હવે આ જ તો છે સમજવાનું મનવા
સદા રામના થઈને રહેવાનું મનવા

દીનાનાથનો નાદ ચોમેર ગર્જે
મના સર્વદા રામની પાસ રે'જે

|| ૪૩ ||

સદા ચિત્તમાં એ સમજ રાખજે મન
કે પોતાનું હિત પોતે કરવું રહ્યું મન

વિના રામનું ક્યાં રટણ હોય છે મન?
સદા ચિત્તમાં બસ મનન હોય છે મન

|| ૪૪ ||

બને તો સહજ મૌન પાળો જગતમાં
વદો રામની વારતાઓ કથનમાં

ન હો રામ તે ધામ છોડી જ દેવું
પરમ સુખ મળે તો અરણ્યોમાં રે'વું

## ॥ ૪૫ ॥

કરું સંગ ને રંગ બદલાય જ્યારે
અહંકાર ને લોભ ડોકાય જ્યારે

મના એવી સંગત મધુર હોય ક્યાંથી?
મને દૂર રાખે જે શ્રી રામજીથી

## ॥ ૪૬ ॥

વિના રામના નામની પળ વિતે જો
ઘડી વ્યર્થ ગઈ એમ માની જ લેજો

પ્રભુને ન જાણે તે વ્યાકુળ ફરે છે
પ્રભુને પિછાણે તે આશ્વસ્ત રે' છે

॥ ૪૭ ॥

જે મનમાં નયનમાં હરિને નિહાળે
જગે સર્વદા ભક્ત થઈને જ રાચે

સદા જાળવે નિત્યક્રમ સાધનાનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

॥ ૪૮ ॥

ઘસાઈ શરીરે કરે દેવસેવા
પ્રભુનામની જે વદે નિત્ય વાચા

સ્વધર્મે સદા શ્રેષ્ઠ વર્તાવ જેનો
થશે ધન્ય એ ભકત શ્રી રામજીનો

## ॥ ૪૯ ॥

સદા બોલવું-ચાલવું એક જેનું
બધાંમાં જુએ રૂપ જે રામજીનું

સગુણ રૂપમાં લેશ શંકા ન લેતો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૦ ॥

ન હો અંતરેથી જે કામી-વિકારી
હશે જે તપસ્વી અને બ્રહ્મચારી

સદા શાંત રહી ક્રોધને ઠારી બેઠો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૧ ॥

અહંકાર નિંદા અને સ્વાર્થવૃત્તિ
કશુંયે ન સ્પર્શે મળી જેને મુક્તિ

જગે જે સદા નમ્ર થઈ બોલવાનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૨ ॥

સમય જ્યાં મળે તત્ત્વચિંતન કરે છે
કદી દંભ ક્યાં એને સ્પર્શી શકે છે

રહે વિદ્વજન સાથ સંવાદ જેનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૩ ॥

બધાં લોક સાથે સદા પ્રિય બોલે
અને સત્ય પણ બોલશે જે વિવેકે

ન હો વ્યર્થ વાણી કે વ્યવહાર જેનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૪ ॥

તરુણ હોય ને તોય એકાંત માણે
વિચારોની ધારાને જાણે પિછાણે

સ્વયમ્‌માં અટલ હોય વિશ્વાસ જેનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૫ ॥

ન હો ચિત્તમાં કોઈ આશા દુરાશા
વળી અંતરે પ્રેમની હો પિપાસા

સદાનો ઋણી થઈ જશે દેવ એનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૬ ॥

દયાળું જે દિલથી ને માયાળું મનથી
કૃપાળું ને પ્રેમાળ પાલક હૃદયથી

રહે ચિત્તમાં ક્રોધ સંતાપ શેનો
થશે ધન્ય એ ભક્ત શ્રી રામજીનો

## ॥ ૫૭ ॥

જગે રામનું નામ લઈ ધન્ય થાવું
કરી ભક્તિ ને સાધના લીન થાવું

બધાં તત્ત્વનો સાર નિઃસ્પૃહ રે'વું
સદા મુક્ત મન ને વિચારોના હોવું

## ॥ ૫૮ ॥

ન તો લોભ કે મોહને સ્પર્શવા દો
ગયા જન્મના પાપને માત આપો

સ્મરો રામને નિત્ય નિષ્કામ મનવા
ન હો વાસના, કલ્પનામાંય મનવા

॥ ૫૯ ॥

કરો મોહની કલ્પનાઓ કરોડો
નહીં રે નહીં રામનો થાય ભેટો

ન હો ચિત્તમાં રામની જેને માયા
મળે કઈ રીતે એમને પ્રેમ પ્યાલા?

॥ ૬૦ ॥

મના કલ્પનું વૃક્ષ કે કામધેનુ?
પ્રભુ સમ છે શું રૂપ ચિંતામણીનું?

મળે પૂર્ણ સામર્થ્ય જેના ઈશારે
નથી રામની સામ્યતા કોઈ સાથે

## ॥ ૬૧ ॥

ભલે હો ઊભા કલ્પવૃક્ષોની છાંયે
મળે એ જ છે, જે વિચારો છો માંહે

મના સંત-સંવાદ સુખ આપવાના
વિવાદોમાં રાચ્યા તો દુઃખ પામવાના

## ॥ ૬૨ ॥

સહજકર્મ ભૂલો તો સંધાન તૂટે
પછી શોક સંતાપ મનમાં પ્રવેશે

મના દ્વૈત માનો તો આનંદ ડૂબે
ને અદ્વૈત માનો બધા શોક છૂટે

॥ ૬૩ ॥

ઘરે કામધેનુ કને છાશ માંગે
અરધ જ્ઞાન લઈને વિવાદો જગાડે

ત્યજે રત્ન ને કાચ ટુકડાઓ માંગે
તમે જેવું માંગો પ્રભુ એવું આપે

॥ ૬૪ ॥

અતિમંદને તીવ્રબુદ્ધિ મળે ના
અતિકામી જન રામને મન વસે ના

અતિ લોભ હો ક્ષોભ ત્યાં થાય અંતે
અતિભોગી છે દીન લાચાર અંતે

## ॥ ૬૫ ॥

બધું જ્ઞાન ભક્તિ વિના છે અધૂરું
મના મૂર્ખને દુઃખ મળે નિત્ય પૂરું

મળે રામનો પ્રેમ એક જ મહેચ્છા
નથી હેમના મ્હેલની કોઈ ઈચ્છા

## ॥ ૬૬ ॥

નથી જગ સરળ, ઘોર અંધાર મનવા
વિવેકી બની સત્યને શોધ મનવા

કદી સુખ મળે ઝેર ખાવાથી મનવા?
ધરો રે સદા રામનું ધ્યાન મનવા

॥ ૬૭ ॥

પ્રભુ રામ સુંદર સહજ શ્યામ-રંગી
મહાધીર ગંભીર તેજસ્વી અંગી

કરે દૂર સંકટ બધા ભક્તજનનું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

॥ ૬૮ ॥

પ્રભુ રામનું નામ સર્વત્ર ગૂંજે
સ્વયમ્ કાળ પણ નામ લેતાંય ધ્રૂજે

પછી મૃત્યુની પાર કોનાથી ડરવું?
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

॥ ૬૯ ॥

નિવારે જે ભય ને સુખાનંદ આપે
ભજી લો મના એમને ભક્તિ ભાવે

અનાચાર ઇર્ષ્યા બધું ત્યાગ કરવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

॥ ૭૦ ॥

વદો રામનું નામ એકાગ્ર ચિત્તે
કદી શોક ફરકે ન કોઈ નિમિત્તે

અહંકાર આળસ બધું ત્યાગ કરવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૧ ॥

મહાદોષ ભાગે જે નામઃસ્મરણથી
મના નામ લેતાં થશે મોક્ષ પ્રાપ્તિ

મના નામ-માત્રે મળે પુણ્ય નરવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૨ ॥

જપો રામનું નામ ખર્ચો ન પાઈ
મુખેથી સ્મરણ હોય ક્યાં કષ્ટદાયી

આ સંસાર છે શત્રુ એ ના વિસરવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૩ ॥

મના આત્મ-પીડન મહાદુઃખ લાગે
મહાશોક નામઃસ્મરણથી જ ભાગે

સદાશિવ ચિંતન કરે છે પ્રભુનું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૪ ॥

બધાં મોક્ષના સાધનો કષ્ટદાયી
થતું વ્રત સમાપન સદા દાન આપી

બધાંથી સરળ ચિત્તમાં નામ સ્મરવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૫ ॥

બધાં સાધનોમાં સરળ 'નામ સ્મરવું'
ન સમજાય તો અન્ય અજમાવી જોવું

બધાં સંશયોનો કરી ત્યાગ જોવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

## ॥ ૭૬ ॥

ન તો કર્મ ના ધર્મ કે યોગમાં પણ
ન તો ભોગ કે ત્યાગ કે કંઈ કશે પણ

કહે દાસ વિશ્વાસથી નામ ભજવું
પ્રભાતે સ્મરણ રામનું નિત્ય કરવું

॥ ૭૭ ॥

પ્રભુનામ લઈને જે નિષ્કામ થાયે
પરસ્પર છબી એક-મેકે નિહાળે

પછી મન ને તનમાં રહે દ્વન્દ્વ શેનો?
પ્રભુ કીર્તને હોય વિશ્વાસ જેનો

॥ ૭૮ ॥

નથી રામમાં કોઈ વિશ્વાસ જેને
મહામૂર્ખ છે જે અહમ્ લઈ ફરે છે

મહારાજ સ્વામી સ્વયમ્ મોક્ષદાતા
કરે વ્યર્થ તું દેહ-સંસાર ચિંતા

## ॥ ૭૯ ॥

મના પામજે ભાવના રામજીની
સ્મરી અંતરે છોડ ચિંતા જીવનની

ભવોભવની ચિંતાને હડસેલી મેલી
ત્યજો માન્યતા વ્યર્થ જે ઘર કરેલી

## ॥ ૮૦ ॥

ધરી શ્રી હરિનામ આનંદ ચિત્તે
તરો ઊતરો પાર સામે સમુદ્રે

પછી ભૂલી જઈ ભીતરી વાસનાને
ખમો ને લડો રાગ ને દ્વેષ સામે

॥ ૮૧ ॥

ત્યજો દ્વેષને ના કદી નામ ત્યાગો
સદા આદરે રામનું નામ ગાજો

સદા શ્રેષ્ઠ નામઃસ્મરણ છે બધાંમાં
બીજું કોઈ આવે ન તોલે કશામાં

॥ ૮૨ ॥

બધાં નામમાં રામનું નામ મોટું
અભાગી ન સમજે ખરું શું ને ખોટું?

થયું શિવને કંઠે શમન રામનામે
છતાં માનવી કાં ફરે ગામગામે?

## ॥ ૮૩ ॥

કરી કામને ભસ્મ જે રામ ધ્યાવે
ઉમાને સદા રામગાથા સુણાવે

હશે જ્ઞાન વૈરાગ્ય સામર્થ્ય જેને
સદા રામમાં હોય વિશ્વાસ તેને

## ॥ ૮૪ ॥

વિઠોબા* મહેશ્વરને મસ્તક નમાવે
મહાદેવને રામનું નામ ભાવે

થયા શાંત શીતળ સ્વયમ્ ચંદ્રમૌલી*
સદા અંતકાળે? હરિ મોક્ષદાયી

* વિઠોબા = ભગવાન વિઠ્ઠલ; ચન્દ્રમૌલી = ભગવાન શંકર

॥ ૮૫ ॥

મહાદેવના રામને તું સ્મરી લે
નિયમથી જપે પાર્વતી રામજીને

સ્વયમ્ શિવ જો શીતળ થયા છે સ્મરણથી
કરે રામજી મુક્ત જીવન-મરણથી

॥ ૮૬ ॥

મુખે રામ જ્યાં ત્યાં જ વિશ્રામ સામે
સદા ચિત્ત આનંદ આવી બિરાજે

વિના રામ જીવન છે સંદેહકારી
સદા રામનું નામ છે શોકહારી

॥ ૮૭ ॥

મુખે રામ તો કામ બાંધી શકે ના
હશે સદ્ગુણો ચિત્તમાં એ ચળે ના

હરિભક્ત દે વાસનાને નકારી
હનુમંત આદર્શ છે બ્રહ્મચારી

॥ ૮૮ ॥

જપો જાપ સુંદર સ્મરણ રામનામે
સહજ ને સરળ છે નથી ખર્ચ ક્યાંયે

કરી પાપ નિર્મૂળ આ ભવ સજાવો
અરે માનવા મોક્ષ છે એ જ સાચો

## ॥ ૮૯ ॥

સદા ભોજને રામનું નામ સ્મરજો
બહુ આદરે નામનો ઘોષ કરજો

પ્રભુનું સ્મરણ અન્ન આરોગતાં હો
પ્રભુ પ્રાપ્ત થાશે ન શંકા જરા હો

## ॥ ૯૦ ॥

મુખે રામ ના'વે થશે મોટી હાની
થશે વ્યર્થ પ્રાણી જીવન તારું પાણી

હરિનામની ગાય ગાથા પુરાણો
વદે વ્યાસવાણી હરિનામ સાધો

## ॥ ૯૧ ॥

ન કંટાળો કર રામનું નામ લેતાં
હજો ખૂબ આદર મુખે રામ કહેતાં

મળે માર્ગ સાચો નથી પાઈ ખર્ચો
સદા જાનકીનાથનો ઘોષ કરજો

## ॥ ૯૨ ॥

થયો રામના નામનો ઘોષ જાણી
બધા દોષ ડુંગર મહીં જાય નાસી

સુણી ઘોષ શ્રી રામ સંતુષ્ટ થાશે
પ્રભુ ભક્તના ચિત્તમાં જઈ બિરાજે

## ॥ ૯૩ ॥

જગતમાં બધાંનો જે છે અન્નદાતા
વળી જેને આખાય જગની છે ચિંતા

કરો યાદ તેને તો ખર્ચો ન પાઈ
મના એમાં તારું જશે શું લુંટાઈ

## ॥ ૯૪ ॥

કરે કોપ તો ત્રણ ભુવન બાળી નાખે
શમી નીલકંઠી અગન રામનામે

જપે નામ એ પાર્વતી વિશ્વમાતા
બધાં એટલે રામનું નામ ગાતા

## || ૯૫ ||

અજામેળ* 'નારાયણા' એમ બોલી
થયો મુક્ત એ પુત્રનું નામ બોલી

ગણીકાનો પોપટ હતો રામનામી
મુખેથી વદી 'રામ' તો મોક્ષ પામી

* અજામેળ = એક પાપી રાજાનું નામ

## || ૯૬ ||

જનમ ભક્ત પ્રહલાદનો દૈત્ય કૂળમાં
છતાં રામનું નામ લેતો સકળમાં

પિતા પાપરૂપી એ જોઈ શકે ના
કદી રામનું નામ મુખથી ભજે ના

## ॥ ૯૭ ॥

મુખે રામ ના હો નથી મુક્તિ તેને
અહમ્થી મળે યાતના આપમેળે

થશે અંતવેળા રહે નહીં સહારો
ભજો એટલે રામનું નામ સાધો

## ॥ ૯૮ ॥

તર્યા સાવ પાષાણ જે રામનામે
તરે કેમ ના માનવી એ પ્રતાપે?

મના રામનામે બધું સંચરે છે
કરે કોઈ શંકા એ પાપી ઠરે છે

## ॥ ૯૯ ॥

જગે ધન્ય વારાણસી પુણ્યનગરી
થશે દર્શને સદ્‌ગતિ પૂર્વજોની

મુખે નિત્ય શ્રી રામનો જાપ જપતા
સદાકાળ કલ્યાણ મહાદેવ કરતા

## ॥ ૧૦૦ ॥

કહ્યાં છે જે કર્મો નથી એય થાતાં
થયો ગર્વ ત્યાં ધર્મ કર્મો નકામાં

દયા નામના ક્યાં ફૂટે કોઈ ઝરણાં?
મફત નામ છે તોય હોઠે વસે ના

## ॥ ૧૦૧ ॥

ગમે ના સ્મરણ તેમને યમ ડરાવે
સતત એમને નર્કનો ડર સતાવે

મના એટલે લીન થા રામનામે
મુખે રામ બોલો બધા દોષ ભાગે

## ॥ ૧૦૨ ॥

બહુ નમ્રતા જ્યાં સહજ હો સ્વભાવે
મના જોઈને સંત સંતોષ પામે

સહી કષ્ટ મન લોકસેવા કરી લે
સગુણ રામને આદરે તું ભજી લે

## ॥ ૧૦૩ ॥

પ્રભુકીર્તને પ્રીતિ હોવી રહી મન
હવે સ્થૂળબુદ્ધિને ત્યાગો જરી મન

સદા ત્યાજ્ય છે નાર ને ધન પરાયું
ન તો સાંભળો લોભ કે વાસનાનું

## ॥ ૧૦૪ ॥

નથી કામ કંઈ પણ ફકત બોલવાનું
ભલા એમનું ચિત્ત ક્યાં લાગવાનું

મના કલ્પના માત્ર કરવી હો જેણે
થશે કઈ રીતે દેવદર્શન લગીરે

## ॥ ૧૦૫ ॥

કરો નીર ને ક્ષીરનો ભેદ મનવા
લઈ શુદ્ધ સાધન કરો ખેલ મનવા

થશે આપવાના જગતને જવાબો
મના કલ્પનામાં કદીયે ન રાચો

## ॥ ૧૦૬ ॥

સ્વધર્મે મના માત્ર નિષ્ઠા જ રે'જો
કદી ધ્યેયથી મન ભટકવા ન દેજો

બધાં જીવ પર જે દયાભાવ રાખે
વળે તેને શાતા સદા ભક્તિભાવે

## ॥ ૧૦૭ ॥

મના ક્રોધને વ્હેંત છેટો જ રાખો
મના વિદ્વજન સાથ સંવાદ સાધો

મના સત્વરે દુષ્ટનો સંગ છોડો
મના છૂટશે જન્મજન્મોનો ફેરો

## ॥ ૧૦૮ ॥

મના સજ્જનોનો સદા સંગ સારો
મના સદ્વિચારોથી કર્મો નિખારો

મના શબ્દ નહીં કર્મને બોલવા દો
વિવાદો મટાડે એ સંવાદ સાચો

## ॥ ૧૦૯ ॥

મના વ્યર્થ ચર્ચાનો છોડો ધખારો
સુખી જે કરે એ જ સંધાન સાધો

કરે દૂર જે શોક સંતાપ તારો
વિવાદો મટાડે એ સંવાદ સાચો

## ॥ ૧૧૦ ॥

બને એ જ સંવાદ, જે વાદ કાપે
વિવેકી બનો તો અહંકાર ભાગે

અહંકાર લાવે છે ઝાઝા વિકારો
વિવાદો મટાડે એ સંવાદ સાચો

## ॥ ૧૧૧ ॥

રહ્યું હીત જેમાં એ બોલેલું સાચું
થયું હીત જેમાં એ શોધેલું સાચું

થશે હીત જો, ભંગ હો દંભ તારો
વિવાદો મટાડે એ સંવાદ સાચો

## ॥ ૧૧૨ ॥

સુણ્યું ને સુણાવ્યાં કર્યું છે જીવનભર
વિવાદો હલ્યા ના જગાથી તસુભર

થયો વાદ ને સંશયોનો તમાશો
વિવાદો મટાડે એ સંવાદ સાચો

## ॥ ૧૧૩ ॥

કર્યો વ્યર્થ પાંડિત્યનો ગર્વ જેણે
અહંકારથી બ્રહ્મરાક્ષસ થયો એ

અહંકારથી ક્યાં કશું હાથ લાગે?
મના સ્થૂળ પાંડિત્ય છોડે તે જાણે

## ॥ ૧૧૪ ॥

મુખે શબ્દનો વ્યર્થ વાપર થવાનો
અહમનો સતત થર ઉપર થર થવાનો

કરો કર્મ બસ વ્યર્થ છે બોલવાનું
સ્વયમ્‌માં સ્વયમ્‌ને સતત શોધવાનું

## ॥ ૧૧૫ ॥

તુટે વાદ બસ ત્યાં જ સંવાદ કરવો
મના શાણપણથી અહમ્ દૂર કરવો

સદા એક હો બોલવા-ચાલવાનું
મના એ રીતે ભક્તિ પંથે જવાનું

## ॥ ૧૧૬ ॥

હતો શ્રાપ દુર્વાસનો* અમ્બરીશને
સ્વયમ્ જન્મ લઈ શ્રાપ વેઠ્યો પ્રભુએ

કરી ક્ષીર સિંધુથી ઉપમન્યુ તૃપ્તિ
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

* દુર્વાસનો = દુર્વાસા ઋષિ

## ॥ ૧૧૭ ॥

કટુ વેણને પી ગયો ધ્રુવ નાનો
કરી આકરું તપ કૃપા દૃષ્ટિ પામ્યો

બન્યો ધ્રુવતારો અચલ આસમાની
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૧૮ ॥

ગજેન્દ્રે પ્રભુને સ્મરી હાંક મારી
પ્રભુ દોડતો આવીયો માન રાખી

કર્યો મોક્ષ એનો સુદર્શન ચલાવી
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

|| ૧૧૯ ||

અજામેળ 'નારાયણા' અંતે બોલ્યો
લઈ પુત્રનું નામ એ મુક્તિ પામ્યો

અનાથોનો આધાર છે ચક્રપાણિ
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

|| ૧૨૦ ||

ધરી મત્સ્યનું રૂપ પૃથ્વી બચાવે
થઈ કૂર્મ સાગરનું મંથન કરાવે

જગત રક્ષવા જન્મતો નીચ યોની
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૨૧ ॥

પડે ભક્ત પ્રહલાદને કષ્ટ જ્યારે
ધરી સિંહનું રૂપ એ દોડી આવે

અગનજ્વાળ સાંખી શકે કોણ એની
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૨૨ ॥

વિનંતી સૂણી ઇંદ્રની દેવ આવ્યા
ધરી રૂપ વામન બલી ભોંય દાટયા

કરી બ્રહ્મરક્ષા લઈ હાથ ફરસી
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૨૩ ॥

અહલ્યાને કારણ ગયા માર્ગ ખૂંદી
કર્યા મુક્ત દેવો જે રાવણના બંદી

જીતી લીધી લંકા દશાનનને મારી
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૨૪ ॥

સુણી દ્રૌપદી-હાંક દોડીને આવ્યા
બીજા વીર શૂરવીર ક્યાં કામ આવ્યા

કલીકાળમાં ભક્તિ છે મોક્ષદાયી
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનની

## ॥ ૧૨૫ ॥

દુઃખી દીન માટે પ્રભુ જન્મ લેશે
થશે ભાવિ અવતાર કલ્કી કહાશે

કથા વર્ણવી ક્યાં શકે વેદવાણી?
ઉપેક્ષા પ્રભુ ના કરે ભક્તજનનની

## ॥ ૧૨૬ ॥

જગત રક્ષણાર્થે કરી દેવલીલા
ઘણાં રૂપ લઈને કરી વેશ-ભૂષા

નથી જાણતાં એ બધાં પાપરૂપી
નથી માનતાં એ મહા ઘોરપાપી

## ॥ १२७ ॥

સુખી છે, જે છે, શાંત નામઃસ્મરણથી
કથા સાંભળે સાવ તલ્લીનતાથી

જે દૈહિક છે તે ઊડશે રામબોધે
અને ચિત્ત ડૂબી જશે રામરૂપે

## ॥ १२८ ॥

મના વાસના હોય તો હો પ્રભુની
મના કામના હોય ના કામિનીની

મના કલ્પના હો તો સાત્ત્વિક હોજો
મના સજ્જનોનો જ સહવાસ હોજો

## ॥ ૧૨૯ ॥

થશે ઉન્નતિ સંગતે સજ્જનોની
કુબુદ્ધિ પલટશે સહજ દુર્જનોની

રતિકામનું કામ છે નષ્ટ કરવું
અને એટલે બસ મનાતીત રે'વું

## ॥ ૧૩૦ ॥

મના ઠોસ ના હો એ ચર્ચા ન કરજો
મના સત્યસંકલ્પને ચિત્ત ધરજો

બચ્યા સંશયો જે જરી એય ત્યજવા
રમાકાંત એકાંત કાળે જ ભજવા

## ॥ ૧૩૧ ॥

ભજો તો ભજો શ્રી રઘુનંદ એકજ
છૂટે બાણ એકજ મુખે શબ્દ એકજ

સદા ચાલવું રામને માર્ગ એકજ
પછી અડચણો ક્યાં છે ઉદ્ધાર એકજ

## ॥ ૧૩૨ ॥

વિવેકી બનો ને વિચારીને ચાલો
છતાં દુષ્ટ વ્યવહાર સ્હેજે ન સાંખો

વિચાર્યા વિના કોઈને કંઈ ન બોલો
નિયમબદ્ધ નિઃસ્વાર્થ આચાર રાખો

## ॥ ૧૩૩ ॥

હરિભક્ત વૈરાગી ને જ્ઞાન યોગી
કરે સ્થાપના ચિત્તમાં જે પ્રભુની

મળે એમનો સ્પર્શ કે થાય દર્શન
મળે પુણ્ય ને થાય સંદેહ મર્દન

## ॥ ૧૩૪ ॥

ન હો ગર્વ સ્હેજે વળી હો વિરાગી
ક્ષમા પણ સહજ ને દયા દક્ષયોગી

નથી સ્પર્શતા લોભ કે ક્ષોભ કોઈ
બધા લક્ષણો હોય તે હોય યોગી

## ॥ १३५ ॥

કરો સંગ તો મન કરો સજ્જનોનો
ઊઠે ભીતરેથી સુબુદ્ધિની છોળો

વિચારો વળે ને ઢળે યોગ્ય ઢાળે
પછી ક્યાં કદી મૃત્યુનો ડર સતાવે

## ॥ १३६ ॥

ભીતિ સર્વવ્યાપી છે બ્રહ્માંડ માંહે
ભયાતીત સંતો જ આનંદ માણે

મના રામ મળતાં જ બીજું દિસે ના
પછી કોઈ પણ ભય કદાપી હશે ના

## ॥ ૧૩૭ ॥

સુણે જ્ઞાનની વાત સંતોને મોઢે
છતાં જીવ અજ્ઞાનતાને ન છોડે

વળી સ્થૂળબુદ્ધિ તસુભર હલે ના
અહમ્ કોઈને કંઈ સમજવા જ દે ના

## ॥ ૧૩૮ ॥

ભલે ગુપ્તધન હોય દાટેલું ઘરમાં
નથી જાણ તેથી દરિદ્રી જીવનમાં

બધું હોય પાસે છતાં કંઈ મળે ના
અહમ્ કોઈને કંઈ સમજવા જ દે ના

## ॥ ૧૩૯ ॥

ભર્યું રૂપ ઠાંસીને સર્વે દિશામાં
અભાગીને ક્યાં એ દીસે છે કશામાં

ન હો દૃષ્ટિ તો દૃશ્ય ક્યારે મળે ના
અહમ્ કોઈને કંઈ સમજવા જ દે ના

## ॥ ૧૪૦ ॥

ગઈ હાથથી તક એ પાછી મળે ના
શરીર કષ્ટ પામે ને અવગુણ સરે ના

સ્વયમ્ ઈશ્વરી અંશ છે એ કળે ના
અહમ્ કોઈને કંઈ સમજવા જ દે ના

## ॥ ૧૪૧ ॥

પ્રયત્નોના અશ્વો પલાણો રે મનવા
સદા સંતના પગ પખાળો રે મનવા

ગુરુદૃષ્ટિથી ખુદને પામો રે મનવા
અહમ્ કોઈને કંઈ સમજવા જ દે ના

## ॥ ૧૪૨ ॥

કળે ના, કળે ના, કળે ના, કળે ના
ટળે ના ટળે, સંશયો કંઈ ટળે ના

ગળે ના, ગળે ના, અહમ ઓગળે ના
બધે શોધ ચાલે પ્રભુ કંઈ મળે ના

## ॥ ૧૪૩ ॥

નથી જ્ઞાન પંડે ને અવઢવ દશામાં
મના ભ્રમ લઈને જશો કંઈ દિશામાં

જડે ખોટો સિક્કો તો ગજવે શું ઘાલો?
મળે સાચ સામે તો ક્યાંથી પિછાણો?

## ॥ ૧૪૪ ॥

પ્રથમ સત્યને સૂક્ષ્મ રીતે સમજવું
પછી સત્યની શોધ માટે વિહરવું

વધો જેમ આગળ પ્રભુ પામવાના
બધા ભ્રમ ને અજ્ઞાન ભાંગી જવાના

## ॥ ૧૪૫ ॥

વિષય ને વિકારોમાં મન ભોળવાશે
અહંકાર અજ્ઞાનનો જન્મ થાશે

સુણો નાદ જે ભીતરેથી ઊઠે છે
ઉપરછલ્લી વાતો તો ક્યાં ભીંજવે છે?

## ॥ ૧૪૬ ॥

હશે નામ જેનું થશે નાશ તેનો
ઘણાંનો સમય લાવી દેશે નિવેડો

ક્ષણિક છે બધું સર્વ છોડીને ચાલો
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

|| ૧૪૭ ||

ફૂટે નહીં તૂટે નહીં, ચળે નહીં હલે નહીં
અહંકાર મારો મને સાંભળે નહીં

અહમ્ છોડશો તો જ ખુલશે કમાડો
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

|| ૧૪૮ ||

નિરાકાર આધાર છે ત્રણ ભુવનમાં
કદી વેદ ક્યાં કહી શકે છે કથનમાં?

પરમતત્ત્વ લીન થઈ ક્યાસ કાઢો
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

## ॥ १४९ ॥

ન તો ચર્મચક્ષુથી દેખાય દશ્યો
મળે જ્ઞાનચક્ષુ તો પરખાય રસ્તો

પછી દૃષ્ટિની પાર જઈને નિહાળો
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

## ॥ १५० ॥

નથી શ્વેત કે શ્યામ કે રંગ બીજો
નથી દશ્ય-અદશ્ય, સન્મુખ કે છૂપો

ખરો મોક્ષ રૂપે કે રંગે ન પામો
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

## || ૧૫૧ ||

સતત શોધતાં શોધતાં સત્ય લાધો
સતત બોધ ઉપદેશથી મન નિખારો

સદા સંત સજ્જનનો સહવાસ રાખો
થશે આત્મદર્શન એ વિશ્વાસ રાખો

## || ૧૫૨ ||

નથી તત્ત્વની વ્યર્થ ચર્ચામાં પડવું
કહે માંહ્યલો જે મના તેમ કરવું

અસલ તત્ત્વ છે વ્હેંત ઊંચું બધાંથી
અલગ એની ઓળખ અલગ એ બધાંથી

## ॥ ૧૫૩ ॥

ન તો પીંડજ્ઞાને ન તો તત્ત્વજ્ઞાને
સમાધાન ક્યાં છે વળી સૂર તાલે?

નથી યોગ યાગે નથી ભોગ ત્યાગે
સમાધાન છે સજ્જનોની વચાળે

## ॥ ૧૫૪ ॥

મહાવાક્ય દૃષ્ટાંત સંકેત ત્યાગો
મળે જ્ઞાન જ્યાં ત્યાં જ સંદર્ભ ત્યાગો

મના બીજનો ચાંદ જ્યાં ઓળખાયો
ને સંદર્ભ જે કંઈ હતો ગૌણ લાગ્યો

## ॥ ૧૫૫ ॥

નથી દૃષ્ટિમાં એ જ શોધ્યા કરો મન
પરમતત્ત્વને એમ ગોત્યા કરો મન

હવા છે ને તોયે કદીયે દીસે ના
જગે ઠાંસી ઠાંસી ભર્યું તે જડે ના

## ॥ ૧૫૬ ॥

ખરો મૂર્ખ છે! જે કહે તત્ત્વ પામ્યો
અતર્કી છે એ તત્ત્વ, ક્યાં તર્ક ફાવ્યો?

મળે બ્રહ્મ જ્યાં ત્યાં ચમત્કાર મોટો
નથી જીવ કે શિવ મહીં ફર્ક હોતો

## ॥ ૧૫૭ ॥

ન તો શાસ્ત્રને જડ બનીને સ્વીકારો
કદી માંહ્યાલાને જરી બોલવા દો

મના શાસ્ત્ર જ્યાં ત્યાં તો તકરાર રહેશે
મના આત્મશોધન સદાકાળ રહેશે

## ॥ ૧૫૮ ॥

શ્રુતિ ને સ્મૃતિ તર્કશાસ્ત્રો પુરાણો
મના વેદ કે ન્યાયશાસ્ત્રો પ્રમાણો

થયો સ્થિર ને મૌન જો 'શેષ' કાળો
મના જે ક્ષણે આતમા ઓળખાયો

## ॥ ૧૫૯ ॥

મના મક્ષિકા ભક્ષીને મ્હોં બનાવે
પછી ભોજને રસ-રૂચી ક્યાંથી આવે?

અહંકારની મક્ષિકા બહુ સતાવે
મના જ્ઞાનની અન્ન શું ભૂખ ભાંગે?

## ॥ ૧૬૦ ॥

નકામા વિવાદોને ટાળો રે મનવા
બધા ભેદભાવો મિટાવો રે મનવા

અનુગામીને 'હું'પણું શીખવો ના
અહમ્‌ને તમે પાસ રાખો રે મનવા

## ॥ ૧૬૧ ॥

અહંકાર છે મૂળ સર્વે દુ:ખોનું
બધું વ્યર્થ છે જે અહમ્‌માં કહેલું

તમે ખુશ રહો સુખ છે સર્વે દિશામાં
અહમ્ ભીતરે છે ન શોધો કશામાં

## ॥ ૧૬૨ ॥

અહંકારથી વૈભવી થઈ શક્યા જે
અનીતિથી ઐશ્વર્ય પામી શક્યા જે

સદા એમના અંતરે ડંખ રે'શે
નથી સત્યનો પંથ એ રંજ રે'શે

## ॥ ૧૬૩ ॥

અલગ જીવથી શિવ છે એવું જ માને
શરીરથી પરે થઈને ક્યાં કંઈ વિચારે?

મના આત્મબુદ્ધિથી સહચાર કરવો
સદા સજ્જનો સંગ સહવાસ કરવો

## ॥ ૧૬૪ ॥

મના કલ્પનાના વિકારો ભગાડો
મના અંતરે દેવ છે એ પિછાણો

મના કલ્પનામાં પ્રભુપ્રેમ કરવો
સદા સજ્જનો સંગ સહવાસ કરવો

## ॥ ૧૬૫ ॥

જે દૈહિક છે એનું જ વળગણ રહે છે
પછી મનમાં ભીતર જઈ ઘર કરે છે

મના 'મુક્તિ-ભાર્યા'નો સહચાર કરવો
સદા સજ્જનો સંગ સહવાસ કરવો

## ॥ ૧૬૬ ॥

અહંકાર શાખા-પ્રશાખા પ્રસારે
સખા પુત્ર પત્નીની માયા રચાવે

ત્યજો યત્નપૂર્વક આ આભાસ વરવો
સદા સજ્જનો સંગ સહવાસ કરવો

॥ ૧૬૭ ॥

જે શાશ્વત છે એનો જ સંકલ્પ કરવો
કહે 'દાસ' સંદેહ તત્ક્ષણ વિસરવો

પળેપળને સાર્થક કરી શ્વાસ ભરવો
સદા સજ્જનો સંગ સહવાસ કરવો

॥ ૧૬૮ ॥

હશે ભીતરે સંત એ સંત સાચો
ન હો કંઈ અપેક્ષા ન હો દીન પાછો

ન તો મોહમાયાથી અંજાય આછો
ન તો કોઈ વળગણથી બંધાય પાછો

## || ૧૬૯ ||

નથી અંત તેનો એ સંતોને પૂછો
અહંકારના વ્યાપને ત્યાં જ રોકો

પરમતત્ત્વનું બસ સ્મરણ રાખવાનું
સહજ સ્થૂળબુદ્ધિને છે નાથવાનું

## || ૧૭૦ ||

સહજજ્ઞાન લઈ સ્થૂળબુદ્ધિ ત્યજો મન
વિવેકી બની શ્રી હરિને ભજો મન

થવું એકરૂપી એ વૃત્તિ હજો મન
સતત આત્મશોધનમાં હોવું હજો મન

## ॥ ૧૭૧ ॥

પરમતત્ત્વ છે ગુપ્તરૂપે બધામાં
ન શોધી શકે ચર્મચક્ષુ કશામાં

જે દેખાય છે ભાસ છે ચો-દિશામાં
નથી એ કળાયું કદી કલ્પનામાં

## ॥ ૧૭૨ ॥

ફરે સ્થૂળબુદ્ધિની ફરતે અવિદ્યા
રહે આત્મબુદ્ધિની ભીતર સુવિદ્યા

કયું મૂળ છે તત્ત્વ ને કોણ છાયા?
વિવેકી બની ભેદ પામી શકાયા

## ॥ ૧૭૩ ॥

અહંકારના વાદળો જન્મ લેશે
ભીતર-વિશ્વ ને આવરી બાથ ભરશે

ચહુદિશ આ વ્યાપે નિશા અંધકારી
વિવેકી બનીને તું જોજે વિચારી

## ॥ ૧૭૪ ॥

કદી ચર્મચક્ષુથી દર્શન મળે ના
ખુલે આત્મચક્ષુ તો ઇચ્છા રહે ના

પછી લક્ષચોર્યાસી ફેરા ન રહેશે
સદા ભક્તની સાથમાં રામ રહેશે

॥ ૧૭૫ ॥

વિધાતા લખે લેખ સૌના લલાટે
લખે કોણ લેખો વિધિના કપાળે?

ત્રીજા નેત્રથી વિશ્વ આખાને બાળે
છતાં કોઈ તો છે જે શંકરને બાળે

॥ ૧૭૬ ॥

જગે બાર સૂર્યો ને આગિયાર રુદ્રો
અને છે અસંખ્યોની સંખ્યામાં ઈન્દ્રો

ખરો દેવ તો ક્યાંય શોધ્યો જડે ના
અને મુખ્ય છે કોણ એ પણ કળે ના

## ॥ ૧૭૭ ॥

પ્રભુ કોઈ દી' પણ તૂટે નહીં ફૂટે નહીં
જગાથી ચળે નહીં કદીયે ઢળે નહીં

વળી ચર્મચક્ષુથી ક્યારે દીસે નહીં
અહંકારની પાસમાં એ વસે નહીં

## ॥ ૧૭૮ ॥

મળ્યો દેવ એની પૂજા આદરી છે
પરમતત્ત્વની શોધ ક્યાં આદરી છે

અહીં દેવ ઠાંસ્યા છે તેત્રીસ કોટિ
તને જે ગમે તેની ભક્તિ છે મોટી

|| ૧૭૯ ||

ત્રણે લોક જેનાથી નિર્માણ પામ્યા
પ્રભુ કોઈનાથીય ક્યાં ઓળખાયા

બધાંથી પરે છે રહે છદ્મવેશે
ગુરુ ના મળે તો કદીયે ન દીસે

|| ૧૮૦ ||

ગુરુ એક શોધો તો લાખો મળે છે
ઘણાં તંત્ર ને મંત્ર લઈને ફરે છે

નથી છોડતાં કામ કે મોહ માયા
નથી એ નથી આપણા મુક્તિદાતા

## ॥ ૧૮૧ ॥

છે તાંત્રિક ને ઢોંગી ગુરુ હોય ક્યાંથી?
કરે ઘોર નિંદા ગુરુ હોય ક્યાંથી?

રહો દૂર જેનો વ્યસન સંગ નાતો
હશે આત્મજ્ઞાની ગુરુ એ જ સાચો

## ॥ ૧૮૨ ॥

ઘણાં મીઠી વાણીથી ભરમાવી દે છે
એ બાવાથી ચેતો જે આંજી ય દે છે

મુખેથી જે બોલે નિભાવેય પાછો
મના શોધજે સદ્‌ગુરૂ એવો સાચો

## ॥ ૧૮૩ ॥

હશે ભક્ત જ્ઞાની વિવેકી વિરાગી
ક્ષમા ભક્તને કરશે ભક્તિ પિછાણી

ચતુરાઈથી સંત મુક્તિ અપાવે
ગુરુ-ભકત બંનેને ભેગા કરાવે

## ॥ ૧૮૪ ॥

ન તો કંઈ કળાયું ન તો ઓળખાયું
પરમતત્ત્વ સંતોના બોલે પમાયું

નિરુપણ નથી શક્ય બોલીને કરવું
સદા સંતની શોધ માટે વિહરવું

## ॥ ૧૮૫ ॥

થશે લીન આ જીવ જ્યાં રામરૂપે
પછી કોઈ ભય આવશે ના સમીપે

કદી સ્થૂળરૂપે એ દેખાય ક્યાંથી?
થયા મગ્ન તો દ્વૈત દેખાય ક્યાંથી?

## ॥ ૧૮૬ ॥

સદા ભીતરે રામ સંગાથમાં હો
મના સર્વદા સત્યની કામના હો

અખંડીત સહવાસ હો રામજીનો
મના સાથ છોડો અહંકારજીનો

## ॥ ૧૮૭ ॥

મહા પંચભૂતોથી ઘેરાયું છે તન
છતાં સ્પર્શતું ભીતરે ના કશું પણ

મના વિશ્વમાં જે દીસે તે નિરખવું
જગે વેગળા રહી સુખેથી વિહરવું

## ॥ ૧૮૮ ॥

દીસે સ્થૂળ જે જ્ઞાનશસ્ત્રોથી વાઢો
વિદેહી રહી ભક્તિનો માર્ગ સાધો

વિરક્તિ વડે નિંદ્ય તે સર્વ ત્યજવું
જગે વેગળા રહી સુખેથી વિહરવું.

## ॥ ૧૮૯ ॥

જગતનો જે ઘડનાર છે તેને જાણો
અને જાણીને મુક્તિની મોજ માણો

સગુણરૂપમાં નિર્ગુણોને સમજવું
જગે વેગળા રહી સુખેથી વિહરવું

## ॥ ૧૯૦ ॥

નથી સર્જનારો નથી પોષનારો
પ્રભુ ભ્રમનો સર્જક ને ભ્રમ તોડનારો

નથી કલ્પના તો ય કલ્પ્યા જ કરવું
જગે વેગળા રહી સુખેથી વિહરવું.

## ॥ ૧૯૧ ॥

ન તો સ્થૂળબુદ્ધિને સ્હેજે હલાવે
પછી અંતકાળેય ક્યાં જ્ઞાન લાધે

અહમ્‌થી પ્રગટ થાય ક્યાં બ્રહ્મજ્યોતી?
અહમ્ લઈને આવે છે અજ્ઞાન ગોતી

## ॥ ૧૯૨ ॥

અકળને અવિચળ મના રૂપ જેનું
મના લીન થઈને ધરો ધ્યાન એનું

નથી કોઈ દૃષ્ટાંતમાં કે કથામાં
પ્રભુ છે બધામાં છતાં ક્યાં કશામાં?

॥ १९३ ॥

ન જાણી શકાયો ન તો ઓળખાયો
ન તો વર્ણવે જેને શાસ્ત્રો પુરાણો

નથી દૃશ્ય-અદૃશ્ય, છે પણ નથી પણ
શ્રુતિ ને સ્મૃતિની પરે ગઈ છે સમજણ

॥ १९४ ॥

પ્રભુ જે વસે ચિત્તમાં કોણ છે એ?
વિનય જાળવી સજ્જનો પ્રશ્ન પૂછે

છૂટે દેહ તો દેવ ક્યાં જઈ રહે છે?
અને એની પશ્ચાત્ એ ક્યાં જન્મ લે છે?

|| ૧૯૫ ||

પ્રભુ સૂક્ષ્મરૂપે હૃદયમાં સમાતો
ગગન જેમ સર્વત્ર વ્યાપેય પાછો

ન આવે ન જાતો પવન જેમ વાતો
ન દેખાય તોયે બધે હોય પાછો

|| ૧૯૬ ||

અણુએ અણુમાં બધે છે ગગનમાં
પ્રભુ જ્યાં ન હો એ જગા ક્યાં છે જગમાં?

પ્રભુ જોઈ જોઈ પ્રભુમય થવાનું
પછી માર્ગ કે લક્ષ એક જ થવાનું

## ॥ ૧૯૭ ॥

ગગન જેવું છે રૂપ શ્રી રામજીનું
છૂટે ભવ કરો જો સ્મરણ રામજીનું

પ્રભુદર્શને સ્થૂળતા નષ્ટ પામે
મળે શિવ તો આ જીવ આનંદ પામે

## ॥ ૧૯૮ ॥

ગગન સર્વ સૃષ્ટિ ઉપર છોને વ્યાપે
છતાં રામની એને ઉપમા ન લાધે

સકળસૃષ્ટિ નિજમાં સમાવીને બેઠા
કહું કઈ રીતે રામ વ્યાપીને બેઠા?

॥ ૧૯૯ ॥

પુરાતન અને છે સનાતન સ્વરૂપે
બીજો કોઈ ક્યાં તર્ક છે રામરૂપે?

અતિ ગૂઢ ને દૃઢ છે આસ્તિત્વ જેનું
ગુરુ વિણ તો ક્યાં રૂપ સમજાય એનું?

॥ ૨૦૦ ॥

પરમતત્ત્વનું જે ક્ષણે જ્ઞાન થાશે
પછી હું ને તું ઓગળી એક થાશે

ન તો શબ્દ પણ વર્ણવે હર્ષ જેનો
બધે રામ દેખાય હું અંશ એનો

## ॥ ૨૦૧ ॥

પરિચય થશે જ્યાં મના માંહ્યલાનો
ઉદય થાશે અદ્વૈતની ભાવનાનો

સ્વયમ્‌ની સ્વયમ્ સાથ જ્યાં ભેટ થાશે
વિદેહી થશે મન શરીર શાંત ભાસે

## ॥ ૨૦૨ ॥

થયું આત્મનું જ્ઞાન જો પ્રાપ્ત મનવા
કરો યત્નથી જ્ઞાનને સ્થિર મનવા

સદા સાંભળો સદ્વિચારોને મનવા
મળે ધન્યતા સજ્જનો સંગ મનવા

## ॥ ૨૦૩ ॥

કુસંગોનું સાંનિધ્ય છોડી જ દેવું
મના માનથી સજ્જનો સંગ રે'વું

મળી જેમને સૌ મહાકષ્ટ ભાગે
વિના સાધના જગમાં સન્માર્ગ લાધે

## ॥ ૨૦૪ ॥

મના સંગ એ, જે અહમ્ તોડી નાખે
મના સંગ એ, જે તરત મોક્ષ આપે

મના સંગ એ, જે પરમને પમાડે
મના સંગ એ, દ્વૈત નિઃશેષ ભાગે

## ॥ ૨૦૫ ॥

શ્રવણ માત્રથી સેંકડો દોષ જાશે
જે અજ્ઞાની છે જ્ઞાનને પ્રાપ્ત થાશે

છે જ્ઞાની તે વૈરાગ્ય-સામર્થ્ય પામે
કહે 'દાસ' નિશ્ચિત્ એ મુક્તિને પામે

॥ જય જય રઘુવીર સમર્થ ॥



શ્રી મનના શ્લોક : ૧૦૪

‘श्री मनाचे श्लोक’ એટલે સમર્થ રામદાસ સ્વામીએ મન સાથે કરેલો સંવાદ. ‘श्री मनाचे श्लोक’ના સમગ્ર સંવાદમાં મન કેન્દ્ર સ્થાને છે. મનની અંદરના શક્ય એટલા તમામ દરવાજાને ટકોરા મારવાનું કામ શ્રી સમર્થે કર્યું છે.

કેટલાક દરવાજા જાણે કે ટકોરાની જ વાટ જોતા હોય એટલા સહજ રીતે ખૂલી જાય તો કેટલાકને ટકોરાની સાથે સાથે સાદ પણ દેવો પડ્યો છે.

કેટલાક સજ્જડ બંધ થઈ ગયેલા દરવાજાને વારંવાર ખખડાવીને ખોલી શકાયા છે તો કેટલાકને ખખડાવ્યા પછી એમની પોતાની વિવેકબુદ્ધિ પર છોડી દેવાયા એવું પણ બન્યું છે.

₹ 50.00

www.Bookpub.in